પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૫૨ | ૨૪ નવેમ્બર, ૨૦૨૨, ગુરૂવાર; માગશર સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઝારખંડમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર નકસલી હુમલો

## વાહનોને આગ ચાંપી દેવામાં આવી : અચાનક નક્સલી હુમલાને કારણે કામ કરતા મજૂરોમાં ગભરાટ

રાંચી, તા.૨૩

ઝારખંડમાં છેલ્લા કેટલાક દિવસોથી ફરી એકવાર નકસલી ગતિવિધિઓમાં તેજી જોવા મળી છે.ઝારખંડના લાતેહાર જિલ્લાના ગુંજરાઈ ગામમાં નકસલવાદીઓએ રેલવે કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ કરતા બે એન્જિનિયરોને બંધક બનાવ્યા હતા. તે જ સમયે બાજુમાં પાર્ક કરાયેલા ડઝનેક વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી. જો કે, બાદમાં બંધક બનેલા બંને એન્જીનીયરોને નકસલવાદીઓએ છોડી મુક્યા હતા. રેલવે કન્સ્ટ્રક્શન સાઈટ પર અચાનક નક્સલી હુમલાને કારણે સમગ્ર કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ કરતા મજૂરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો.

આપને જણાવી દઈએ કે ઝારખંડના લાતેહાર જિલ્લાના ચંદવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થિત દગ્ગી પુલ પાસે ત્રીજી રેલવે લાઈનના નિર્માણનું કામ કરી રહેલા RBNL અને કોન્ટ્રાક્ટર TTIPLના ૧૮૮ નંબર બ્રિજ પર નકસલવાદીઓએ હુમલો કર્યો હતો.

નક્સલવાદીઓએ ત્રીજી રેલ્વે લાઈનના સેકશનના બાંધકામમાં રોકાયેલી કંપનીના ડઝનેક વાહનો અને અન્ય સાધનોને આગ ચાંપી દીધી હતી.

કહેવામાં આવી રહ્યું છે કે આ ઘટનાને નકસલવાદી રવિન્દ્ર ગંજુની ટુકડીએ અંજામ આપ્યો છે, આ આગજની દરમિયાન ૧૫ કરોડથી વધુનું નુકસાન થવાનો અંદાજ છે. આ પહેલા ૨૧ ઓક્ટોબરે ત્રીજી રેલ્વે લાઈન બનાવી રહેલા મલ્હાન કન્સ્ટ્રક્શન સાઈટ પર પણ નકસલવાદીઓએ હુમલો કર્યો હતો, જે દરમિયાન ૩ જવાનોને ગોળી વાગી હતી.છેલ્લા કેટલાક દિવસોથી આ વિસ્તારમાં નકસલવાદી ગતિવિધિઓમાં તેજી જોવા મળી રહી છે.

લગભગ ૪૦ થી ૫૦ નકસલવાદીઓએ લાતેહારના ગુજરાઈ ગામમાં સ્થિત ત્રીજી રેલ્વે લાઈન નિર્માણ સ્થળ પર હુમલો કર્યો. કન્સ્ટ્રક્શન સાઈટના કર્મચારીઓએ જણાવ્યું કે નકસલવાદીઓ સ્થળ પર પહોંચતાની સાથે જ તેમણે તમામ જવાનોને એક જગ્યાએ એકઠા થવાનો નિર્દેશ આપ્યો અને બદલામાં સ્થળ પર ઉભેલા તમામ વાહનો, સાધનો અને બાઈકને આગ ચાંપી દીધી. આ દરમિયાન તેણે બે એન્જિનિયરોને પણ પોતાની સાથે રાખ્યા હતા, જો કે બાદમાં બંને એન્જિનિયરને જતા પહેલા મુક્ત કરી દીધા હતા.

નકસલીઓએ એક પાઈલિંગ મશીનને પણ આગ

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીમાં એક જ પરિવારના ચાર સભ્યોની કરપીણ હત્યા

### ઘરના જ દીકરાએ ચાકૂ વડે હત્યા કરી : હાલમાં આરોપી છોકરાની પોલીસે ધરપકડ કરી લીધી

નવી દિલ્હી, તા.૨૩

દિલ્હીના સાઉથ વેસ્ટ જિલ્લાના પાલન વિસ્તારમાં એક જ ઘરમાંથી ચાર લાશ મળી આવતા હડકંપ મચી ગયો છે. શરુઆતી જાણકારી અનુસાર, આ આત્મહત્યા નથી, પણ હત્યાનો મામલો છે. સૂત્રોનું માનીએ તો, આ ઘટના પાલન વિસ્તારના રાજનગર પાર્ટ-૨ વિસ્તારમાં મંગળવારે લગભગ રાતના ૧૦ કલાકને ૩૧ મિનિટે થઈ હતી. પોલીસને આ સમયે હત્યાકાંડની જાણકારી મળી. હાલમાં આરોપી છોકરાની પોલીસે ધરપકડ કરી લીધી છે અને પૂછપરછ ચાલી રહી છે કે, આખરે તેણે પોતાના જ પરિવારને શા માટે મોતને ઘાટ ઉતારી દીધો. પ્રાપ્ત વિગતો અનુસાર, જોઈએ તો, આરોપીએ ચાર લોકોની ચાકૂ મારીને હત્યા કરી દીધી છે. આરોપી છોકરા ડ્રગ્સની આદતથી પરેશાન હતો અને હાલમાં જ તે ડ્રગ્સ એડિક્શન સેન્ટરમાંથી બહાર આવ્યો હતો. ત્યાર બાદ તેણે આ ઘટનાનો અંજામ આપ્યો છે. આરોપી છોકરાનું નામ કેશવ છે. પોલીસે ગુનામાં વપરાયેલા હથિયારને જપ્ત કરી દીધું છે. જે લોકોની હત્યા થઈ, તેમની ઓળખાણ કરાઈ છે. જેમાં દિવાનો (આરોપીની દાદી), દિનેશ કુમાર (આરોપીના પિતા), દર્શન રાની (આરોપીની માતા), ઉર્વશી (આરોપીની બહેન)નો સમાવેશ થાય છે.

### જસ્ટિસ કેએમ જોસેફે ફરીથી નિમણૂક પ્રક્રિયા પર સવાલો ઉઠાવ્યા

## ચૂંટણી કમિશનરની નિમણૂંક માટે નીતિ નિયમો ઘડવાની જરૂર છે : સુપ્રિમ

### કોર્ટે પૂછ્યું કે, શું ECની નિમણૂક માટે કોઈ વ્યવસ્થા છે અને શું CEC તરીકે નિમણૂક માટે કોઈ પ્રક્રિયા છે

નવી દિલ્હી, તા.૨૩

કેન્દ્રએ CEC, ECની નિમણૂકની પ્રક્રિયાને લઈને સુપ્રીમ કોર્ટના સવાલોના જવાબ આપ્યા છે. ૨૦૦૭ થી તમામ ઝઈઝનો કાર્યકાળ "ટૂંકો" કરવામાં આવ્યો હોવાના સુપ્રીમ કોર્ટના આક્ષેપ પર એટર્ની જનરલ આર વેંકટરામણીએ કહ્યું કે, દરેક વખતે નિમણૂક વરિષ્ઠતાના આધારે કરવામાં આવે છે. એક કેસ સિવાય, આપણે ચૂંટણી પંચમાં વ્યક્તિના સમગ્ર કાર્યકાળને જોવાની જરૂર છે, ન કે માત્ર CEC તરીકે. ૨-૩ અલગ-અલગ ઉદાહરણોને બાદ કરતાં, તે કાર્યકાળ સમગ્ર બોર્ડમાં ૫ વર્ષનો છે. તેથી મુદ્દો એ છે કે કાર્યકાળની સુરક્ષામાં કોઈ સમસ્યા નથી.

કોર્ટે પૂછ્યું કે, શું EC તરીકે નિમણૂક માટે કોઈ વ્યવસ્થા છે અને શું CEC તરીકે નિમણૂક માટે કોઈ પ્રક્રિયા છે? તેના પર એટર્ની જનરલે કહ્યું કે, આ પરંપરાના આધારે કરવામાં આવે છે. CECની કોઈ અલગ નિમણૂક પ્રક્રિયા નથી. નિમણૂક EC તરીકે થાય છે અને પછી CECની નિમણૂક વરિષ્ઠતાના આધારે થાય છે.

બંધારણીય ખંડપીઠનું નેતૃત્વ કરી રહેલા જસ્ટિસ કેએમ જોસેફે ફરીથી નિમણૂક પ્રક્રિયા પર સવાલો ઉઠાવ્યા અને કહ્યું કે, કોઈપણ સરકાર ફક્ત તેને હા જી, હા જી કરતા અથવા તેમના જેવા અધિકારીઓને ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કરવા માંગે છે. સરકારને જે જોઈએ છે તે મળે છે અને અધિકારીને ભવિષ્યની સુરક્ષા મળે છે. આ બધું બંને પક્ષોને

● અનુસંધાન પાન-૭ પર




